## આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

## કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:03-0૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# રાજ્ય-મતગણતરી

રાજ્યના 25 કેન્દ્રો પર આવતીકાલે 4થી જૂને સવારે આઠ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં આણંદ લોકસભા મતવિસ્તારમાં બે જ્યારે અન્ય તમામ લોકસભા મતવિસ્તારના એક-એક મતગણતરી કેન્દ્રો પર એકસાથે મત ગણતરી શરૂ થશે. તમામ કાઉન્ટિંગ સેન્ટર પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

સમગ્ર મતગણતરી પ્રક્રિયા માટે 56 કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે 614 વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઇલેક્ટ્રોનિક ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

--------------------------------------------------------------------------

# ચૂંટણી પરીણામ-અરૂણાચલ પ્રદેશ-સિક્કિમ

અરૂણાચલ પ્રદેશમાં ફરી એકવાર ભારતીય જનતા પક્ષની સરકાર બનવા જઈ રહી છે. જ્યારે સત્તારૂઢ સિક્કીમ ક્રાંતિકારી મોર્ચાએ સિક્કિમમાં બહુમત હાંસલ કર્યું છે. આ બંને પૂર્વોત્તર રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે મત ગણતરી કરવામાં આવી. અત્રે ઉલ્લેખનીય છે કે, અરૂણાચલ પ્રદેશની 60 બેઠકો,

જ્યારે સિક્કીમની 32 બેઠકો માટે, 19 એપ્રિલના લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા સાથે મતદાન થયું હતું.

**(RNU અમદાવાદ)**

---

## ચુંટણીપંચ-કેન્દ્રીય સુરક્ષા દળો

**ચૂંટણી પછી કોઈપણ પ્રકારની હિંસા અટકાવવા માટે ચૂંટણી પંચે રાજ્યોમાં કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરાયા છે.**

**આયોગે રાજ્યો અને કેન્દ્રીય નિરીક્ષકોના મૂલ્યાંકનના આધારે આ નિર્ણય લીધો છે. આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં મતગણતરી બાદ 15 દિવસ માટે સુરક્ષા દળો તૈનાત કરાવવામાં આવ્યા છે. જ્યારે મતગણતરી બાદ બે દિવસ સુધી ઉત્તરપ્રદેશ, ઓડિશા, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં સુરક્ષા દળો તૈનાત રહેશે.**

**(RNU અમદાવાદ)**

---

## પ્રધાનમંત્રી-સમીક્ષા બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં વિવિધ આફતો માટે સમીક્ષા બેઠક કરી હતી. બેઠકમાં પ્રધાનમંત્રીને આગામી દિવસોમાં જે રાજ્યોમાં લૂની સ્થિતિ યથાવત રહેવાની છે, એ વિશે માહિતી આપવામાં આવી હતી. હવામાન વિભાગ અનુસાર ગુજરાત, રાજસ્થાન, તેમજ મધ્ય પ્રદેશના કેટલાક ભાગોમાં ગરમીની સ્થિતિ યથાવત રહેશે.

આ વર્ષે દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસું સામાન્ય અને ક્યાંક સામાન્યથી સારું, તો કેટલાક ભાગોમાં સામાન્ય કરતા ઓછું રહેવાની શક્યતા છે.

આ બેઠકમાં પ્રધાનમંત્રીશ્રી મોદીએ આગની ઘટનાઓને રોકવા અને તે માટે નિયમિત રૂપે અભ્યાસ પર ભાર મૂક્યો. આ ઉપરાંત હૉસ્પિટલ તેમજ અન્ય જાહેર

સ્થળોએ અગ્નિ ઑડિટ અને વિદ્યુત સુરક્ષા ઑડિટ નિયમીત રૂપે કરાવવા સહિતના માર્ગદર્શક સુચનો કર્યા હતા.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજય-સુરત-ડ્રગ્સ

સુરતના નાનપુરા કદમપલ્લી વિસ્તારમાંથી એમડી ડ્રગ્સ સાથે બે આરોપીઓને ઝડપી પડાયા છે. 100 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બીટુ કુમાર સુબોધ પાંડે અને પ્રશાંત જયરામ પ્રજાપતિની ધરપકડ કરી છે. આ બંને શખ્સોને પાંડેસરા વડોદના જીતેશ ઉર્ફે પંડિત જીતેન્દ્ર મિશ્રાએ ડ્રગ્સ આપ્યુ હતું.

ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, બાતમીના આધારે પકડાયેલા આ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય કિંમત રૂપિયા દસ લાખ કરતાં વધુની થાય છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજય-હવામાન

રાજ્યમાં આવતા અઠવાડિયાથી પ્રિ-મોન્સુન એક્ટિવિટી શરૂ થશે. સાથે સાથે રાજ્યમાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ થવાની પણ હવામાન ખાતાએ સંભાવના વ્યક્ત કરી છે.

કરછના દરિયાકાંઠે ભારે પવન ફુંકાવાની આગાહીના પગલે માંડવી બીચ પર સામાન્ય લોકોને તારીખ સાતમી જૂન સુધી દરિયામાં નાહવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

દરમ્યાન ગઈકાલે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 42.1 ડિગ્રી તાપમાન નોધાયું છે. અમદાવાદમાં 42 ડિગ્રી નોંધાયું છે. જયારે જીલ્લા મથક ભુજમાં 38.8 ડિગ્રી ઉંચુ તાપમાન નોંધાયુ હતું. છેલ્લા 2 દિવસથી રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે, તાપની સાથે-સાથે સુસવાટાભેર પવન ફૂંકાઈ રહ્યો છે, ત્યારે રાજ્યના લોકોને ગરમીથી થોડી રાહત મળી છે. રાજ્યમાં પાંચ દિવસ સુધી વાતાવરણ સુકું

રહેશે અને રાજ્યમાં ચોમાસું 15 જૂનની આસપાસ  શરૂ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છ-ભુજ-વિશ્વ સાયકલ દિવસ

આજે વિશ્વ સાયકલ દિવસ છે. સમગ્ર વિશ્વ સાથે કચ્છ જીલ્લામાં પણ વિશ્વ સાયકલ દિવસ અને  પર્યાવરણ સુરક્ષાના ઉપલક્ષ્યમાં જીલ્લા મથક ભુજ ખાતે આજે  સાયકલોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમા 300થી વધારે સ્પર્ધકે નોંધણી કરાવી છે. આજે સવારે 6.30 મિનિટે સાસંદ વિનોદ ચાવડાએ પ્રસ્થાન કરાવ્યુ હતું.

**(NP/આશુતોષ અંતાણી)**

---

## ક્રિકેટ-ICC T-20

**અમેરીકા અને વેસ્ટ ઈન્ડીઝ  ખાતે ICC પુરૂષોની T-20 ક્રિકેટ સ્પર્ધાનો આરંભ થઈ ચુક્યો છે.પ્રથમ મેચમાં અમેરીકાએ કેનેડાને 7 વિકેટથી પરાજીત કર્યુ હતું. જયારે ગ્રુપ–C ની પહેલી મેચમાં પાપુઆ ન્યુગીની-PNGને વેસ્ટ ઈન્ડીઝે 5 વિકેટથી પરાજીત કર્યુ હતું. આજે દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા વચ્ચે  તેમજ બીજી મેચ નામિબિયા અને ઓમાન વચ્ચે રમાશે**

**(NP/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------------